Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai
Conducted
MATUSHREE MANIBEN MANSHI BHIMSHI CHHADVA -DHARMIK SHIKSHAN BOARD – MUMBAI

542, Jagannath Shankar Sheth Road, Chira Bazar, 3rd Floor, Above Dashshrimali office, Mumbai – 400 002.
Tel.: 22018629 Website : jaineducationboard.org E-mail : jainshikhshanboard@gmail.com

**૬ જાન્યુઆરી ૨૦૧૯ - મહિલામંડળ - પ્રશ્ન પેપર - ગુણ - ૧૦૦ સમય: ૯ થી ૧૨**

# શ્રેણી – ૧૯

**પ્રશ્ન૧** (૩૦)

(અ) સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો.

(૧) સચિત્ત પેહણયા (૨) સહસાભક્ખાણે (૩) સચિત્તાહારે
આ ત્રણશબ્દના અર્થ લખી તે શબ્દો પ્રતિક્રમણના જે પાઠમાં આવતા હોય તેનું નામ લખો. (૩)

(૨) જ્ઞાનના અતિચાર કેટલા ? પ્રતિક્રમણમાં તે કેટલીવાર અને કયાં બોલાય છે ? તે જણાવો. (૨)

(૩) કરણ એટલે શું ? યોગ એટલે શું ? કોટિ એટલે શું ? બે વખત કરણ કોટિ વાળા વ્રતના નામ લખો (૨)

(૪) નીચેના માગધી શબ્દોના ગુજરાતી અર્થ લખો. (૩)
(૧) બહુમયં (૨) અવિતહમવિ સંધિ (૩) વિહુય રયમલા
(૪) સવ્વ પાણ ભૂય (૫) તિક્ટ્ટુ (૬) દિવ

(બ) કર્મગ્રંથના આધારે લખો. (૧૦)

(૧) યોગ્ય જોડી બનાવો (૨)

| (અ) | (બ) |
|---|---|
| બંધમાં કુલ પ્રકૃતિ | ૧૨૦ |
| સત્તામા કુલ પ્રકૃતિ | ૯૩ |
| ઉદયમાં કુલ પ્રકૃતિ | ૬૭ |
| બંધમાં નામ કર્મની પ્રકૃતિ | ૧૨૨ |
| | ૧૪૮ |

(૨) સૌથી છેલ્લે કઈ કર્મ પ્રકૃતિનો બંધ થાય ? કયા ગુણસ્થાનકે ? તેનો બંધ વિચ્છેદ કયા થાય ? (૧)

(૩) આઠમાં ગુણસ્થાનકનાં પહેલા ભાગને છેડે કઈ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય ? (૧)

(૪) નો કષાયની પ્રકૃતિઓ કેટલી ? કઈ કઈ ? તે પ્રકૃતિઓનો બંધવિચ્છેદ કયા કયા ગુણસ્થાનકને છેડે થાય તે અલગ કરીને જણાવો (૪)

(૫) સલિલાવતિ વિજય ના સાધુને શાતા વેદનિય કર્મ કયા કયા ગુણસ્થાનક સુધી બાંધે (૨)

**પ્રશ્ન ૨ આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો.** (૫)

(૧) સૂત્ર સમજાવો. (અ) જહા અંતોતહા બાહિં. જહા બાહિં તહા અંતો !
(બ) સુત્તા અમુણી સયા, મુણિણો સયયં જાગરંતિ !

(૨) જવાબ લખો. (અ) શા માટે સંયમથી ઉત્કૃષ્ટ કાંઈ નથી !
(બ) કેટલી સમારંભ ક્રિયાઓ જાણવા યોગ્ય છે ?
(ક) જીવ ઉચ્ચ ગોત્રની સ્પૃહા શા માટે ના કરે ?

**પ્રશ્ન ૩ ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો.** (૧૦)

(૧) ચાર પ્રકારની ભત્તકથા વર્ણવો. (૨)

(૨) લોકમાં થોડા સમય માટે પ્રકાશ ક્યારે ક્યારે થાય છે ? (૨)

(૩) ચાર જાતિના આશીવિષનો પ્રભાવ ઉતરતા ક્રમમાં લખો. (૨)

(૪) અભ્યુગમિકી વેદના અને ઔપક્રમિકી વેદના એટલે શું ? (૨)

(૫) ખાલી જગ્યા પૂરો. (૨)

(અ) સાધુઓનું સર્વ પ્રકારે હિત કરવા વાળા શ્રાવકો.............. સમાન કહ્યા છે, જ્યારે સાધુઓનો દોષ ઢાંકી ગુણોનો પ્રકાશકરવા વાળા શ્રાવકો ........... સમાન કહેવાય છે.

(બ) સંથારો કહી મૃત્યુ ની ઈચ્છા ન કરીને રહેતે શ્રાવક નો......... વિસામો છે., જ્યારે પર્વતિથિએ પરિપૂર્ણ પૌષધ કરવો. તે ......... વિસામો છે.

પ્રશ્ન ૪ શ્રી જ્ઞાતાધર્મકથાના આધારે જવાબ લખો. (૧૦)

(અ) ખાલી જગ્યા પૂરો. (૩)

મહાબલ મુનિ ......... દેવલોકમાં ........... ની સ્થિતિ પૂરી કરી ......... નગરીમાં કુંભરાજાને ને ત્યાં .............. ના ખોળે ............ માસની સુદ............ મલ્લી કુંવરી તરીકે જન્મયા.

(બ) મલ્લીનાથના આગલા ત્રીજા ભવમાંથી આપણને શો બોધ મળે છે ? (૩)

(ક) મલ્લીકુમારી સાથે છએ રાજા દીક્ષા લેવા કેમ તૈયાર થયા ? (૨)

(ડ) અર્હનક શ્રાવક ને દિવ્યકુંડળની બે જોડી કોણે ભેટ આપી ? અર્હનક શ્રાવકે તે દિવ્યકુંડળ કોને કોને ભેટ આપ્યા ? (૨)

**અથવા**

પ્રશ્ન ૪ નિરયાવલિકા સૂત્રનો આધારે જવાબ લખો. (૧૦)

(અ) કોણ બોલે છે ? કોને કહે છે ? (૨)

(૧) શ્રેણિક રાજાએ તેના જીવનકાળમાં જ મને આ સેચનક ગંધહસ્તી અને અઢારસેર નો હાર આપ્યો હતો.

(૨) અભિષેકય હસ્તી રત્નને સજાવો.

(બ) કારણ આપો. (૬)

(૧) કોણિકે શ્રેણિક રાજાને બેડીથી બાંધ્યા.

(૨) શ્રેણિક રાજાએ તાલપુર વિષને પોતાના મુખમાં મૂક્યું

(૩) અઢાર ગણરાજાઓએ ચેટક રાજાને યુધ્ધમાં સાથ આપ્યો.

(ક) નામ કહો. (૨)

(૧) કોણિકની રાણી, કોણીક ની માતા

નંદારાણીનો પુત્ર, ચોથી નરક પૃથ્વીનું નામ

પ્રશ્ન ૫ ઉપાસક દશાંગ સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

(૧) ચુલની પિતા ક્યારે વ્રતથી ખંડિત થયા ? શા માટે ? (૨)

(૨) આ અધ્યયનમાં ન આવતો શબ્દ છેકી નાખો. (૨)

(અ) પૌષધ, સામાયિક, પ્રાયશ્ચિત, તપ

(બ) કામદેવ, આનંદ, ચૂલનીશતક, ચૂલણીપિતા

(ક) સંખ્યા ૩,૪,૫,૧૦

(ડ) શામા ભદ્રા પદમકમળ, નીલકમળ

(૩) અત્યારે ચૂલણીપિતાનો જીવ કઈ ગતિમાં કયાં છે, ત્યાં તેમની સ્થિતિ કેટલી છે ? તે મહાવિમાનનું નામ લખો (૨)

(૪) ખાલી જગ્યા પૂરો (૪)

(૧) ચુલની પિતા ......... નગરીમાં ........... ઉધ્યાનમાં........... રાજાના રાજ્યમાં રહેતા હતા. અને તેમની પાસે ........... કરોડનુ ધન હતું. તેમણે ............ વર્ષ શ્રાવકપણું પાળ્યું .આ વાત .......આગમમાં.......... અધ્યયનમાં આવે છે. તેની પત્ની નું નામ.............હતુ .

(બ) અંતગડ સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

(૧) કોણ બોલે છે ? કોને કહે છે ?

(અ) હમણાં દીક્ષા ન લો.

(બ) આજે તમારું મુખ ઉદાસ અને ચિંતિત દેખાય છે.

(૨) બાળકનુ નામ ગજસુકુમાલ શાથી પાડવામાં આવ્યું.

(૩) સોમિલ તરફનો ગુસ્સો તેના મૃત્યું પછી કૃષ્ણે કઈ રીતે વ્યક્ત કયો ?

(૪) ગજસુકુમાલમુનિ મોક્ષ પ્રાપ્ત થઈ જતાં દેવતા ઓએ તેમનું બહુમાન કઈ રીતે કર્યુ ?

(૫) સોમિલે ગજસુકુમારને કઈ રીતે સહાયતા કરી કહેવાય ?

(૬) અતિમુક્ત મુનિના વચન પર કોને શંકા થઈ ? શા માટે ?

(૭) છ એ અણગાર કેટલામાં પ્રહરમાં કોની આજ્ઞા લઈ, કેવી રીતે ભિક્ષા માટે નીકળતા ?

પ્રશ્ન ૬ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો. (૧૫)

(અ) ગાથા પૂર્ણ કરો. (૬)

(૧) પગઈઈ મંદા વિ ...................................

(૨) જહા સસી કોમુઈ ......................................

(૩) અભિગમ ચઉરો ......................................

(બ) માગ્યા પ્રમાણે જવાબ લખો. (૯)

(૧) વિનીત શિષ્ય કાયાથી કઈ રીતે વિનય પ્રગટ કરે છે ? (૨)

(૨) કઠોર વચનને મહાભયજનક કેમ કહ્યા છે ? (૨)

(૩) કીર્તિ, વર્ણ, શ્લોક આ ત્રણે શબ્દોનો અર્થ સમજાવો. (૨)

(૪) ચારે પ્રકારની સમાધિને જાણનાર અંતે શું પ્રાપ્ત કરે છે ? (૨)

(૫) અવિનીત શિષ્યને કોની ઉપમાં આપી છે ? (૧)

પ્રશ્ન ૭ ભગવતી સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

(અ) (૧) સ્વાધ્યાય એટલે શું ? તેના ભેદ લખો. (૪)

(૨) ખાલી જગ્યા પૂરો।

સંસારનાં કુટુંબ માટે આરંભાદિક કરવા તે .................જાગરિકા છે પણ ધન કુટુંબાદિક તથા વિષય કષાયને ખોટા જાણે છે તે ..................... જાગરિકા છે. (૧)

(બ) (૧) કયા કયા આત્મા સર્વ જીવોને હોય ? (૧)

(૨) યોગ આત્મા કયા ગુણસ્થાનકે ન હોય ? (૧)

(૩) કયા ગુણસ્થાનક પછી કષાય આત્મા ન હોય ? (૧)

(૪) અરિહંતને કયો આત્મા ન હોય ? (૧)

(૫) કયો આત્મા ફક્ત મનુષ્ય ગતિમાં જ હોય બાકીની ગતિમાં ન હોય ? (૧)

પ્રશ્ન ૮ પ્રજ્ઞાપના સૂત્રને આધારે જવાબ લખો. (૧૦)

(અ) (૧) સંવુડા-વિયડા યોનિ એટલે શું ? તે કોને હોય ? (૨)

(૨) માત્ર ઉષ્ણ યોનિ ક્યાં ક્યા હોય ? (૧)

(૩) કઈ યોનિવાળી સ્ત્રી સંતાનને જન્મ ન આપે ? (૧)

(૪) નારકી દેવમાં સચેત યોનિ પણ સંજ્ઞી તિર્યંચ અને મનુષ્યમાં..................યોનિ હોય છે. (૧)

(બ) (૧) કયા જીવોનાં ઉપપાત સમુદ્‌ઘાત અને સ્વસ્થાન સમુદ્‌ઘાત સંપૂર્ણ લોકમાં હોય ? (૧)

(૨) ૧૯ દંડકમાં એટલે કયા દંડક છોડીને – ઉપયાત, સમુદ્‌ઘાત અને સ્વસ્થાન લોકનાં અસંખ્યાતમાં ભાગમાં હોય ? (૧)

(૩) પર્યાપ્તા બાદર તેઉકાયના સ્વસ્થાન માત્ર ........ માં જ છે. (૧)

(૪) ઉપપાત એટલે શું ? સ્વસ્થાન એટલે શું ? (૨)

.... જય જિનેન્દ્ર .....